# :: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી મુજબનું જાહેરનામું
ક્રમાક:ટ્રાફિક/PM કાર્યક્રમ/એક માર્ગીય/જાહેરનામું/ 2125 /૨૦૨૫

પોલીસ કમિશનરની કચેરી
સુરત શહેર.
તા.07 /૦૩/૨૦૨૫

આગામી તા.૦૭/૦૩/૨૦૨૫ ના રોજ માન. વડાપ્રધાન શ્રી નાઓ સુરત શહેર પ્રવાસ કાર્યક્રમ અર્થે લિમ્બાયત નિલગીરી ગ્રાઉન્ડ ખાતે જાહેર સભાનું આયોજન કરવામાં આવનાર છે. જે જાહેર કાર્યક્રમમાં VVIP, VIP તથા અન્ય મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં વાહનો તથા માણસોની અવર-જવર રહેવાની શક્યતાને ધ્યાને લેતા સમગ્ર સુરત શહેરમાં સરળ ટ્રાફિક નિયમન તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી તા.૦૭/૦૩/૨૦૨૫ નાં રોજ સવારે ક.૧૦/૦૦ થી રાત્રીનાં કલાક ૨૪/૦૦ સુધી નીચે મુજબનાં કૃત્યો પર પ્રતિબંધ મુકવો જનહિતાર્થે જરૂરી જણાય છે.

## :: હુકમ ::

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર. ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ રૂટ ઉપર નીચે મુજબનાં કૃત્યો પર તા.૦૭/૦૩/૨૦૨૫ નાં રોજ સવારે ક.૧૦/૦૦ થી રાત્રીનાં કલાક ૨૪/૦૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

| અ.નં. | પ્રતિબંધિત રૂટ | વૈકલ્પિક રૂટ |
|---|---|---|
| ૧ | નિલગીરી સર્કલથી ઉધના રેલ્વે સ્ટેશન તરફ આવતો રોડ, નિલગીરી સર્કલથી નવો બનેલ અંડર ગ્રાઉન્ડ રોડ ઉપરથી જમણી બાજુ વળી રતનચોકથી ઉધના રેલ્વે ઓવર-બ્રિજ ઉપરથી ઉધના રોડ નંબર-"૦" ઉપર આવેલ મીરર હોટલ (બ્રિજ ઉતરતા)થી ડાબી બાજુ વળી સીધા આગળ જઇ ઉધના રોડ નં-૩ ઉપર આવેલ GEB ઓફિસ પાસેના ચાર રસ્તા સુધીનો રોડ એક માર્ગીય રહેશે. | ઉધના રેલ્વે સ્ટેશનથી વાહનો નિલગીરી સર્કલ તરફ જનાર તમામ વાહનો ઉધના રોડ નં"-૦ "અથવા રોડ નં-૩, ૬ ઉપરથી ઉધના ડિંડોલી રોડ પરથી ભીમનગર ગરનાળાથી અથવા ઉધના પોલીસ સ્ટેશન પાસેના ઓવરબ્રીજ ઉપર થઇ ભરવાડનગર જંક્શન પર આવી નવા અંડરપાસમાં થઇ નીલગીરી સર્કલ તરફ જઇ શકશે અથવા ભરવાડનગર ચાર રસ્તાથી સાંઇ પોઇન્ટ ડિંડોલી તરફ જઇ શકશે. |
| ૨ | ઉધના રોડ નં-"૦" ઉપર આવેલ ગોલાઘંટી ગરનાળાનો બંન્ને તરફનો રસ્તો બંધ રહેશે. | (૧) ઉધનાથી ઉધના રેલ્વે ઇસ્ટયાર્ડ તરફ જતા વાહનો ભીમનગર ગરનાળાથી ભરવાડનગર ચાર રસ્તાથી નવા રેલ્વે અંડરપાસથી રતનચોકથી રેલ્વે ઓવર બ્રિજની ડાબી બાજુના નીચેથી જતા રોડ પરથી રેલ્વે ઇસ્ટયાર્ડ તરફ જઇ શકશે.<br>(૨) ઉધના રેલ્વે ઇસ્ટયાર્ડથી ઉધના તરફ આવતા વાહનો રતનચોકથી નવા રેલ્વે અંડરપાસ પાસેથી નીલગીરી સર્કલથી કમરૂનગર રોડથી મીઠીખાડી ઉપરથી સમ્રાટ સ્કુલ ચાર રસ્તાથી જઇ શકશે. |

| | | |
|---|---|---|
| | | અથવા નીલગીરી સર્કલથી નવા અંડરપાસમાં થઇ ભરવાડનગર ચાર રસ્તાથી જમણી બાજુ વળી ભીમનગર ગરનાળાથી ઉધના તરફ જઇ શકશે. |
| ૩ | મિડાસ સ્ક્વેર ચાર રસ્તાથી સાંસ્કૃતિક AC માર્કેટ ત્રણ રસ્તા તરફ જતો રોડ તમામ પ્રકારનાં વાહનો માટે બંધ રહેશે. | મહારાણા પ્રતાપ ચાર રસ્તાથી મિડાસ સ્ક્વેરથી સાંસ્કૃતિક AC માર્કેટ થઇ કંગારૂ સર્કલ તરફ જતા તમામ વાહનો મિડાસ સ્ક્વેરથી જમણી બાજુ વળી આગળ સીધા જઇ નવા સુડા રોડ ઉપરથી ભરત લકતરીયા કેન્સર હોસ્પિટલથી પોતાના નિયત વિસ્તારોમાં જઇ શકશે. |
| ૪ | સમગ્ર સુરત શહેર વિસ્તારમાં ભારે વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ રહેશે. | - |

## :: અપવાદ ::

ફરજ પરનાં પોલીસ વિભાગના વાહનો, આવશ્યક સેવાના વાહનો, ફાયર, એમ્બ્યુલન્સ, SMCના વાહનો અને સરકારી તમામ વાહનોને અવર-જવર કરવા માટે પ્રતિબંધનો બાધ લાગશે નહી.

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ તા.૦૭/૦૩/૨૦૨૫ ના રોજ સવારે કલાક-૧૦/૦૦ થી રાત્રીનાં કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૦૫/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર સત્યમેવ જયતે સુરત શહેર, સુરત.

(અનુપમસિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર
સુરત શહેર

**પ્રતિ,**

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧, સુરત શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨, ક્રાઇમ, તથા ટ્રાફિક, સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

સવિનય નકલ રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશયલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર. (નાનપુરા બહુમાળી સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત)
(૧૯) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)

પોલીસ કમિશ્નર
સત્યમેવ જયતે
સુરત શહેર, સુરત.